www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Tuesday
01.12.2020

*Volume :5 * Issue No. 107

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

**પ્રધાનમંત્રીએ NH-19ના વારાણસી- પ્રયાગરાજ વિભાગની સિક્સ લેન સુધી વિસ્તરણ કરાયેલી ધોરી માર્ગ પરિયોજનાનું ઉદ્ઘાટન કર્યું**

# લઘુતમ ટેકાના ભાવ અને મંડીને સરકાર દ્વારા વધુ મજબૂત કરવામાં આવ્યા છે: પ્રધાનમંત્રી

## દાયકાઓ સુધી થયેલા કપટે ખેડૂતોને ભયભીત બનાવી દીધા છે પરંતુ હવે તેમની સાથે કોઇ જ કપટ નહી થાય, ગંગાજળ જેટલા જ શુદ્ધ ઈરાદા સાથે કામ કરવામાં આવી રહ્યું છે: પ્રધાનમંત્રી



### નવા કૃષિ સુધારાઓએ ખેડૂતોને નવા વિકલ્પો અને નવા કાયદાકીય રક્ષણો આપ્યા છે અને સાથે-સાથે જો કોઇ ખેડૂતો જુની પ્રણાલી અપનાવવા માંગતા હોય તો તે પણ ચાલુ જ છે: પ્રધાનમંત્રી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસીમાં દ્રઊ-૧૯ના વારાણસી- પ્રયાગરાજ વિભાગમાં સિક્સ લેન ધોરી માર્ગ પરિયોજનાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તાજેતરના ભૂતકાળમાં કાશીમાં કનેક્ટિવિટીની સાથે-સાથે સૌંદર્યકરણ માટે હાથ ધરવામાં આવેલા કાર્યોનાં પરિણામો હવે આપણી સમક્ષ આવી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે વારાણસીની અંદર અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાઓ હળવી કરવા માટે નવા ધોરીમાર્ગો, પૂલ-ફલાયઓવર્સ, માર્ગો પહોળા કરવાના કાર્યો અભૂતપૂર્વ રીતે પાર પાડવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી રહી કે જ્યારે આ વિસ્તારમાં અદ્યતન કનેક્ટિવિટીનું વિસ્તરણ થશે ત્યારે આપણા ખેડૂતોને તેનાથી ઘણો મોટો લાભ થશે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષોથી, કોલ્ડ સ્ટોરેજ ઉપરાંત ગામડાઓમાં અદ્યતન માર્ગો જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. આ માટે રૂપિયા ૧ લાખ કરોડનું ભંડોળ પણ ઉભું કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ કેવી રીતે સરકારના પ્રયાસો અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ખેડૂતોને લાભ થશે તે અંગે એક ઉદાહરણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે બે વર્ષ પહેલાં ચંદૌલીમાં કાળા ચોખાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગત વર્ષે, એક ખેડૂત સમિતિની પણ રચના કરવામાં આવી હતી અને અંદાજે ૪૦૦ ખેડૂતોને આ ચોખા ખરીફ સીઝન દરમિયાન વાવેતર કરવા માટે આપવામાં આવ્યા હતા. સામાન્ય ચોખા રૂપિયા ૩૫-૪૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે જ્યારે આ કાળા ચોખા રૂપિયા ૩૦૦ પ્રતિ કિલો સુધીના ઉંચા ભાવે વેચાયા હતા. પ્રથમ વખત, આ ચોખાની ઑસ્ટ્રેલિયામાં નિકાસ કરવામાં આવી હતી, એ પણ રૂપિયા ૮૦૦ પ્રતિ કિલોના ભાવે થઈ હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતના કૃષિ ઉત્પાદનો સમગ્ર દુનિયામાં ખૂબ જ પ્રખ્યાત છે. શા માટે ખેડૂતોની પહોંચ આ મોટા બજારો સુધી નથી અને ઊંચા ભાવ શા માટે તેમને નથી મળતા તે અંગે પણ તેમણે સવાલ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, નવા કૃષિ સુધારાઓએ ખેડૂતોને નવા વિકલ્પો અને નવા કાયદાકીય રક્ષણો આપ્યા છે અને સાથે સાથે જુની પ્રણાલી પણ ચાલુ રાખવામાં આવી છે જેથી કોઈ ખેડૂત જુની પ્રણાલી અનુસરવા માંગતા હોય તો તેને પસંદ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, અગાઉ, મંડી બહાર થતા વ્યવહારોને ગેરકાયદે માનવામાં આવતા હતા પરંતુ હવે નાના ખેડૂતો મંડી બહાર થતા વ્યવહારો પર પણ કાયદાકીય પગલાં લઈ શકે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર નીતિઓ, કાયદા અને નિયમનો બનાવે છે. વિપક્ષની આકરી ટીકા કરતા તેમણે કહ્યું હતું કે, અગાઉ સરકારના નિર્ણયોનો વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ હાલની ટીકા અને વિરોધ માત્ર આશંકાઓના આધારે કરવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, જે બન્યું જ નથી અને જે ભવિષ્યમાં ક્યારેય બનવાનું જ નથી, તે અંગે સમાજમાં ગુંચવણો ફેલાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, આ અમુક ચોક્કસ એવા લોકો છો જેઓ દાયકાઓથી ખેડૂતો સાથે કપટ કરી રહ્યાં છે. ભૂતકાળમાં થયેલી છળકપટો પર વધુ આગળ કહેતા પ્રધાનમંત્રી ઉમેર્યું હતું કે, લઘુતમ ટેકાના ભાવ જાહેર કરવામાં આવતા હતા પરંતુ ખૂબ જ અલ્પ પ્રમાણમાં લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતી હતી. આ છેતરપિંડી વર્ષો સુધી ચાલતી રહી. ખેડૂતોના નામે ધિરાણ માફીના ખૂબ જ મોટા પેકેજોની જાહેરાતો કરવામાં આવતી હતી પરંતુ નાના અને સિમાંત ખેડૂતો સુધી તેનો લાભ ક્યારેય પહોંચતો જ નહોતો. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતોના નામે મોટી યોજનાઓ તો જાહેર કરવામાં આવતી હતી પરંતુ અગાઉના શાસકો પોતે જ એવું માનતા હતા કે, ૧ રૂપિયામાંથી ફક્ત ૧૫ પૈસા જ ખેડૂત સુધી પહોંચતા હતા, જે યોજનાઓના નામે ચાલતી મોટી છેતરપિંડીનું જ પરિણામ હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જ્યારે ઈતિહાસ જ સંપૂર્ણ છળકપટથી ભરેલો હોય ત્યારે બે બાબતો બહુ સ્વાભાવિક છે. એક તો, સરકાર વચન પાળશે કે નહીં તે અંગે ખેડૂતોના મનમાં દાયકાઓથી ભય હોવાનો ઈતિહાસ છે. બીજું કે, જેમણે અત્યાર સુધી આપેલા વચનો તોડ્યાં તેમના માટે હવે કંઈપણ બને તે પહેલાં જ, જે બનવાનું હોય તેના વિશે જુઠ્ઠાણું ફેલાવવાનું જરૂરી બની ગયું છે. તેમણે કહ્યું હતું કે, જો તમે સરકારના ભૂતકાળના ટ્રેક રેકોર્ડ પર નજર કરશો તો, આપોઆપ સત્ય બહાર આવી જશે. તેમણે કહ્યું હતું કે, સરકારે યુરિયાની કાળાબજારી રોકવા માટે આપેલું વચન પૂરું કરી બતાવ્યું છે અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા મળી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, સરકારે સ્વામીનાથન પંચની ભલામણો અનુસાર પડતર કિંમતના ૧.૫ ગણા લઘુતમ ટેકાના ભાવે કૃષિ ઉપજો ખરીદવાનું વચન આપ્યું હતું અને તે પૂરું કરી બતાવ્યું છે. આ વચનો માત્ર કાગળ પર પૂરાં નથી થયા પરંતુ, ખેડૂતોના બેંક ખાતા સુધી તેના લાભના નાણાં પહોંચ્યા છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૧૪ પહેલાંના પાંચ વર્ષમાં, ખેડૂતો પાસેથી અંદાજે રૂપિયા ૬૫ કરોડના કઠોળની ખરીદી કરવામાં આવી હતી. પરંતુ તે પછીના ૫ વર્ષમાં, ખેડૂતો પાસેથી અંદાજે રૂપિયા ૪૯૦૦૦ કરોડના કઠોળથી ખરીદી કરવામાં આવી છે જે લગભગ ૭૫ ગણો વધારો છે. ૨૦૧૪ પહેલાંના પાંચ વર્ષમાં, રૂપિયા ૨ લાખ કરોડની ડાંગરની ખરીદી કરવામાં આવી હતી. જોકે, તે પછીના પાંચ વર્ષમાં રૂપિયા પાંચ લાખ કરોડની ડાંગર ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ખરીદવામાં આવી છે. આ આંકડો પણ અગાઉની તુલનાએ અઢી ગણો છે જે ખેડૂતો સુધી વધુ નાણાં પહોંચ્યા હોવાનું બતાવે છે. તેમણે ઉમેર્યું હતું કે ૨૦૧૪ પહેલાંના પાંચ વર્ષમાં, ખેડૂતોને ઘઉંની ખરીદીમાંથી લગભગ રૂપિયા ૧.૫ લાખ કરોડ મળ્યાં હતા. જોકે, તે પછીના ૫ વર્ષમાં ઘઉંના ખેડૂતોને રૂપિયા ૩ લાખ કરોડ મળ્યાં છે જે લગભગ બે ગણો વધારો છે. જો લઘુતમ ટેકાના ભાવ અને મંડી નાબૂદ કરવામાં આવે તો શા માટે સરકારે ઘણો વધુ ખર્ચ કરવો પડશે તે અંગે પણ તેમણે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, સરકાર મંડીના આધુનિકીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે.

વિપક્ષની ટીકા કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ એવા લોકો છે જેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ સામે પણ સવાલ ઉઠાવ્યા છે અને એવી પણ અફવાઓ ફેલાવી હતી કે, આ નાણાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે અને ચૂંટણી પૂરી થઈ ગયા પછી ખેડૂતો પાસેથી આ જ નાણાં વ્યાજ સાથે પાછા વસુલવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ પોતાના રાજકીય હિતોના કારણે, ખેડૂતોને આ યોજનાનો લાભ લેવા દેતા નથી. તેમણે કહ્યું હતું કે, દેશમાં ૧૦ કરોડથી વધુ ખેડૂતોને સીધા જ તેમના બેંક ખાતામાં આર્થિક સહાયતા જમા કરીને તેમને મદદ કરવામાં આવી છે. આજદિન સુધીમાં, અંદાજે ૧ લાખ કરોડ રૂપિયા ખેડૂતો સુધી પહોંચી ગયા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દાયકાઓ સુધી ખેડૂત સાથે થયેલી કપટના કારણે તેઓ ભયભીત થઈ ગયા છે પરંતુ હવે તેમની સાથે કોઈ જ કપટ નહીં થાય, ગંગાજળ જેટલા જ શુદ્ધ ઈરાદાઓ સાથે કામ કરવામાં આવી રહ્યું છે. તેમણે ખાસ જણાવ્યું હતું કે માત્ર આશંકાઓના આધારે જેઓ ખોટી ભ્રમણાઓ ફેલાવી રહ્યાં છે તેવા લોકોનું સત્ય દેશ સમક્ષ સતત ઉઘાડું પડી રહ્યું છે. જ્યારે ખેડૂતો તેમના એક જુઠ્ઠાણાને સમજી જાય છે ત્યારે, તેઓ બીજા કોઈ વિષય પર જુઠ્ઠાણું ફેલાવવાનું શરૂ કરી દે છે. તેમણે ઉમેર્યું હતું કે સરકાર પણ સતત એવા ખેડૂત પરિવારોને જવાબ આપી રહી છે જેમના મનમાં હજુ પણ કોઈ ચિંતા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જે ખેડૂતોના મનમાં કૃષિ સુધારાઓ અંગે આજે કોઈપણ શંકા છે તેઓ, ભવિષ્યમાં આ જ કૃષિ સુધારાઓથી ફાયદો મેળવી શકશે અને તેમની આવકમાં પણ વધારો થશે.

## પ્રધાનમંત્રીએ ગુરુ નાનકના પ્રકાશ પર્વની લોકોને શુભકામનાઓ પાઠવી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વના પ્રસંગે લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું, "હું શ્રી ગુરુ નાનક દેવજીને તેમના પ્રકાશ પર્વ પર નમન કરું છું. તેમના વિચારો આપણને સમાજની સેવા કરવા અને ઉત્તમ ગ્રહ બનાવવાની પ્રેરણા આપે."

## પ્રધાનમંત્રીએ કોવિડ-૧૯ રસી વિકસાવવા અને ઉત્પાદન પર કાર્યરત ત્રણ ટીમો સાથે સંવાદ કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રીએ સોમવારે કોવિડ-૧૯ માટે રસી વિકસાવવા અને તેના ઉત્પાદન પર કામ કરતી ૩ ટીમો સાથે વર્ચ્યુઅલ મીટિંગ કરી હતી. આ ટીમ પુણેની જેનોવા બાયોફર્માસ્યુટિકલ્સ લિમિટેડ, હૈદરાબાદની બાયોલોજિકલ ઈ લિમિટેડ અને ડો રેડ્ડિઝ લેબોરેટરીઝ લિમિટેડની હતી. પ્રધાનમંત્રીએ આ કંપનીઓમાં વૈજ્ઞાનિકો દ્વારા કોવિડ -૧૯નો સામનો કરવા માટે રસી વિકસાવીને નિરાકરણ લાવવાના પ્રયાસોની પ્રશંસા કરી. રસી વિકાસ માટે વિવિધ મંચની સંભાવનાઓ વિશે પણ ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રીએ કંપનીઓને નિયમન પ્રક્રિયાઓ અને સંબંધિત બાબતો અંગેના તેમના સૂચનો અને વિચારો આપવા જણાવ્યું હતું. તેમણે એમ પણ સૂચવ્યું કે રસી અને તેની અસરકારકતા વગેરે જેવી સામાન્ય બાબતો વિશે સામાન્ય લોકોને માહિતગાર કરવા માટે વધારાના પ્રયત્નો કરવા જોઈએ. રસી પહોંચાડવાના સંદર્ભમાં લોજિસ્ટિક્સ, પરિવહન, કોલ્ડ ચેઈન વગેરે બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાધીન તમામ ઉત્પાદકતાની રસી અજમાયશના વિભિન્ન તબક્કે છે અને વિગતવાર આંકડાકીય માહિતી અને પરિણામો આવતા વર્ષના પ્રારંભમાં અપેક્ષિત છે. પ્રધાનમંત્રીએ સંબંધિત તમામ વિભાગોને ઉત્પાદકો સાથે જોડાવા અને તે બાબતોને આવરીને તેનું નિરાકરણ લાવવાની સલાહ આપી હતી જેથી દેશ અને સમગ્ર વિશ્વની જરૂરિયાતોને પહોંચી વળવા આ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો ફળશ્રુતિ પામે.

## ભારત દુનિયાની ફાર્મસી બની ગયું છે



કમલમ દૈનિક,

રસીના વિકાસ સાથે સંબંધિત કામગીરીને વેગ આપવા રૂ. ૯૦૦ કરોડનું મિશન કોવિડ સુરક્ષા શરૂ થયું પ્રધાનમંત્રીએ પૂણે અને હૈદરાબાદમાં વધુ ૩ રસી ડેવલપર્સ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને ૩ શહેરોની મુલાકાત પૂર્ણ કરી. પ્રધાનમંત્રીના સીધા સંવાદથી વૈજ્ઞાનિકોનો નૈતિક જુસ્સો વધ્યો. જ્યારે દુનિયામાં કોવિડ-૧૯ માટે રસી વિકસાવવા માટેની હોડ જામી છે, ત્યારે ભારત આ રસીને વિકસાવવા અને એનું ઉત્પાદન કરવામાં આત્મનિર્ભર બનવા આતુર છે. જ્યારે ભારતની ઓછામાં ઓછી પાંચ ફાર્માસ્યુટિકલ કંપનીઓ રસી વિકસાવવામાં સંકળાયેલી છે, ત્યારે પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટની પસંદગી ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસાવવામાં આવેલી કોવિડશીલ્ડ રસીનું જંગી ઉત્પાદન કરવા માટે પસંદગી થઈ છે. સરકારે માગ પૂર્ણ કરવા માટે કોવિડ-૧૯ રસીના ઉત્પાદન અને ડિલિવરીની મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરવાની કામગીરી શરૂ કરી છે. પ્રધાનમંત્રી ભારતમાં રસીના વિકાસની કામગીરીની પ્રગતિ પર વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યાં છે. તેમણે શનિવારે અમદાવાદમાં ઝાયડસ, પૂણેમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને હૈદરાબાદમાં ભારત બાયોટેકના પ્લાન્ટની મુલાકાત લીધી હતી તેમજ આજે પૂણેની જેનોવા બાયોફાર્મા તથા હૈદરાબાદમાં બાયોલોજિકલ ઈ અને ડો. રેડ્ડીસ લેબોરેટરીઝ દ્વારા વિકસાવવામાં આવેલી સ્વદેશી રસીની પ્રગતિની વર્ચ્યુઅલ સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રીએ નિયમનકારી પ્રક્રિયાઓ અને સંબંધિત બાબતો માટે કંપનીઓને તેમના સૂચનો અને વિચારો રજૂ કરવા જણાવ્યું હતું. તેમણે એવું સૂચન પણ કર્યું હતું કે તેમણે રસી વિશે અને એની અસરકારકતા જેવી સંબંધિત બાબતો વગેરે પર સરળ ભાષામાં સામાન્ય જનતાને માહિતી આપવા વધારે પ્રયાસો કરવા જોઈએ. રસી આપવા માટે લોજિસ્ટિક્સ, પરિવહન, કોલ્ડ ચેઈન વગેરે સાથે સંબંધિત બાબતોની ચર્ચા પણ થઈ હતી.

રૂ. ૯૦૦ કરોડનું મિશન કોવિડ સુરક્ષા પ્રોત્સાહન પેકેજ ભારત સરકારે સ્વદેશી ધોરણે રસી વિકસાવવા પ્રોત્સાહન આપવા મિશન કોવિડ સુરક્ષા માટે રૂ. ૯૦૦ કરોડનું પ્રોત્સાહન પેકેજ આપવાની જાહેરાત કરી છે. કોવિડ-૧૯ રસી વિકસાવવા માટેનું અભિયાન સંપૂર્ણપણે નૈદાનિક વિકાસ મારફતે પૂર્વ નૈદાનિક બાબતોથી લઈને એને બજારમાં મૂકવા માટે ઉત્પાદન અને નિયમનકારી સુવિધાઓ સુધીની સંપૂર્ણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેનાથી રસીના વિકાસને વેગ આપવા ઉપલબ્ધ તમામ અને ફંડેડ સંસાધનોનો સંગઠિત કરી શકાશે. અન્ય મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ સામાન્ય સંવાદિત આચારસંહિતા, તાલીમ, ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ, નિયમનકારી પેટાઅભિયાનો, આંતરિક અને બાહ્ય ગુણવત્તાનું વ્યવસ્થાપન કરવાની વ્યવસ્થાઓ અને માન્યતાઓને ટેકો આપવાનો રહેશે. આ ગ્રાન્ટ ભારતીય કોવિડ-૧૯ રસીના સંશોધન અને વિકાસ માટે બાયોટેકનોલોજી વિભાગને પ્રદાન કરવામાં આવશે તથા સુનિશ્ચિત કરવામાં આવશે કે તેઓ તમામ નિયમનકારી મંજૂરીઓને આધિન રહીને જાહેર આરોગ્ય વ્યવસ્થામાં પ્રસ્તુત કરવા માટે ઝડપથી કામગીરી કરે. અત્યાર સુધી શૈક્ષણિક અને ઔદ્યોગિક એમ બંને સ્તરે બાયોટેકનોલોજી વિભાગ દ્વારા કુલ ૧૦ વેક્સિન કેન્ડિડેટને ટેકો આપવામાં આવ્યો છે તથા અત્યાર સુધી પાંચ વેક્સિન માનવીય પરીક્ષણના તબક્કામાં છે.

ભારતની ફાર્મા ક્ષમતામાં દુનિયાનો વધતો જતો રસ

૧૦૦ દેશોના પ્રતિનિધિઓ ૪ ડિસેમ્બરના રોજ પૂણેમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને જેનોવા બાયોફાર્માની મુલાકાત લેશે. સ્વીડને ભારતની 'દુનિયાની ફાર્મસીદ્ય તરીકેની ભૂમિકાને માન્યતા આપી છે તથા કોરોનાવાયરસ રોગચાળાને ધ્યાનમાં રાખીને સ્વાસ્થ્ય અને જીવન વિજ્ઞાનના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સાથસહકારને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દરમિયાન લક્ઝમબર્ગ સ્થિત કંપની બી સિસ્ટમ્સે પોર્ટેબલ વેક્સિન રેફ્રિજરેશન ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરવા ભારત સાથે જોડાણ કર્યું છે, જે ભારતમાં રસીના વિતરણની સમસ્યાનું સમાધાન કરશે. અહીં યાદ કરી શકાય છે કે, પ્રધાનમંત્રી મોદીએ ૧૯ નવેમ્બરના રોજ લક્ઝમબર્ગના પ્રધાનમંત્રી ઝેવિયર બીટ્ટલ સાથે વર્ચ્યુઅલ શિખર સંમેલનનું આયોજન કર્યું હતું, જે દરમિયાન તેમણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સાથસહકાર વધારવા માટે પાયો નાંખ્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

છેલ્લા ૨૪ કલાકમાં, ભારતમાં માત્ર ૩૮,૭૭૨ નવા દર્દીઓ કોવિડ-૧૯થી સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ છે. આટલા જ સમયગાળામાં, ભારતમાં નવા ૪૫,૩૩૩ દર્દીઓ સાજા થઈ ગયા હોવાથી સક્રિય કેસના ભારણમાં ૬,૫૬૧ દર્દીઓનો ઘટાડો નોંધાયો છે. ભારતમાં સક્રિય કેસની સંખ્યામાં ઘટાડાનું વલણ સતત જળવાઈ રહ્યું હોવાના કારણે હાલમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૪,૪૬,૯૫૨ થઈ ગઈ છે. ભારતમાં આજદિન સુધીમાં નોંધાયેલા કુલ પોઝિટીવ કેસમાંથી માત્ર ૪.૭૪% સક્રિય કેસ છે. નવા પોઝિટીવ નોંધાયેલા કેસની સંખ્યા સામે નવા સાજા થયેલા દર્દીઓ વધારે હોવાથી આજે દર્દીઓ સાજા થવાનો દર પણ વધીને ૯૩.૮૧% નોંધાયો હતો. કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૮૮,૪૭,૬૦૦ સુધી પહોંચી ગઈ છે. સાજા થયેલા દર્દીઓ અને સક્રિય કેસ વચ્ચેના તફાવતમાં પણ એકધારો વધારો થઈ રહ્યો છે અને હાલમાં આ અંતર વધીને ૮૪,૦૦,૬૮૪ એટલે કે સક્રિય કેસની સરખામણીએ ૧૯.૮ ગણુ વધારે છે. છેલ્લા એક મહિનામાં કર્ણાટક, મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશમાં સૌથી વધુ સંખ્યામાં સક્રિય કેસમાં ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, દિલ્હી, હરિયાણા અને રાજસ્થાનમાં સક્રિય કેસનું ભારણ વધી રહ્યું છે. કોવિડ સામેની જંગમાં ભારતે આજે કુલ પરીક્ષણોની સંખ્યા ૧૪ કરોડથી આગળ વધારીને એક સીમાચિહ્નરૂપ મુકામ પાર કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૮,૭૬,૧૭૩ પરીક્ષણો કરવામાં આવ્યા છે. હાલમાં ભારતમાં દૈનિક પરીક્ષણોની ક્ષમતા વધીને ૧૫ લાખ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા નોંધાયેલા કેસમાંથી ૭૮.૩૧% દર્દીઓ માત્ર દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છે. કેરળમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે એટલે કે ૫,૬૪૩ નવા દર્દીઓ પોઝિટીવ નોંધાયા છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૫,૫૪૪ નવા દર્દી નોંધાયા છે. દિલ્હીમાં ગઈકાલે વધુ ૪,૯૦૬ દર્દીઓ સંક્રમિત થયા હોવાનું નોંધાયું છે. નવા સાજા થયેલા દર્દીઓમાંથી ૭૬.૯૪% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી નોંધાયા છે. દિલ્હીમાં એક જ દિવસમાં સૌથી વધારે ૬,૩૨૫ દર્દીઓ કોવિડમાંથી સાજા થઈ ગયા છે. ત્યારબાદ કેરળમાં વધુ ૫,૮૬૧ દર્દી સાજા થયા હોવું નોંધાયું છે જ્યારે મહારાષ્ટ્રમાં નવા ૪,૩૬૨ દર્દી સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં મૃત્યુ પામેલા ૪૪૩ કેસમાંથી ૭૮.૫૬% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. ભારતનો રાષ્ટ્રીય સરેરાશ મૃત્યુદર ઘટીને ૧.૪૫% થઈ ગયો છે જે દુનિયામાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ સૌથી સૌથી ઓછા મૃત્યુ (હાલમાં ૯૯.૪) પૈકી એક છે. નવા મૃત્યુ નોંધાયેલા કેસમાંથી ૧૯.૧૮% એટલે કે ૮૫ દર્દીઓ મહારાષ્ટ્રમાં મૃત્યુ પામ્યા છે. દિલ્હીમાં વધુ ૬૮ દર્દીઓ જ્યારે પશ્ચિમ બંગાળમાં વધુ ૫૪ દર્દીઓ મૃત્યુ પામ્યા હોવાનું નોંધાયું છે.






# કાર્તીકી પૂનમે શામળાજી મંદિર બંધ રહેતા ભક્તોએ મંદિરના બંધ દ્વારના દૂરથી દર્શન કર્યા,નાગધરા કુંડ ખાલી

### દરવર્ષે કારતકી પૂર્ણિમાના ભારે ભીડ રહેતી ચાલુ વર્ષે કોરોના મહામારી માં મંદિરના દ્વાર બંધ શ્રદ્ધા અકબંધ

કમલમ દૈનિક, અરવલ્લી

હિંદૂ ધર્મમાં કારતક મહિનાની પૂનમનું ખૂબ મહત્વ છે. આ દિવસને દેવદિવાળી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન, દીપદાન અને ગરીબોને દાન કરવાનું વિશેષ મહત્વ છે. કોરોના સંક્રમણ અટકાવવા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર જેટલું મહત્વ ધરાવતા કાર્તીકી પૂનમનો મેળાનું આયોજન રદ કર્યા બાદ નાગધરામાં પ્રવેશ અને સ્નાન પર પ્રતિબંધ ફરમાવતું જીલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડતા આખરે શામળાજી મંદિર ટ્રસ્ટે કાર્તિકી પૂનમે મંદિર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો દેવ દિવાળી સહીત ૪ દિવસ ભક્તો માટે ભગવાન કાળીયા ઠાકોરના દર્શન બંધ કરવાનો નિર્ણય કર્યો હતો ત્યારે ભલે મંદિરના દ્વાર બંધ હોય ભક્તોમાં ભગવાન શામળિયામાં રહેલી અતૂટ શ્રદ્ધાના પગલે કાર્તિકી પૂનમે મોટી સંખ્યામાં ભક્તો શામળાજી ઉમટ્યા હતા અને બંધ મંદિરના બહાર થી દર્શન કરી ધન્યતા અનુભવી હતી કાર્તિકી પૂનમે શામળાજી મંદિર ભક્તો માટે બંધ હોવા છતાં ભક્તોનો મોટી સંખ્યામાં ધસારો જોવા મળ્યો હતો મંદિર પરિસરની આજુબાજુ મોટી ભીડ એકઠી ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ભક્તોએ મંદિરમાં બિરાજતા કાળીયા ઠાકોરના દ્વારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી શામળાજી મંદિર નજીકથી પસાર થતી મેશ્વો નદીના કિનારે આવેલ પવીત્ર નાગધરામાં કાર્તિકી પૂનમે લોકો પિતૃ તર્પણ અને ધાર્મિક વિધિ સાથે સ્નાન કરવા આવતા હોવાથી કોરોનાનું સંક્રમણ અટકાવવા નાગધરામાં પ્રવેશ અને સ્નાન પર પ્રતિબંધ અને ૫ કિમી વિસ્તારમાં મેશ્વો નદીમાં કે ધાર્મિક વિધી કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરતા નાગધરાની આજુબાજુ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો લોકોએ પણ કોરોનાં સંક્રમણમાં સંયમ જાળવ્યો હોય તેમ નાગધારામાં પિતૃ તર્પણ વિધી અને સ્નાન કરવાનું મુલત્વી રાખ્યું હતું

# મોડાસા બસ સ્ટેન્ડ પાછળ ખુલ્લી ગટર કોઈ નો ભોગ લે તે પહેલા બંધ કરે તે લોકો માટે હિતાવહ

### ગટરમાં ગાય ખાબકતા જીવદયાપ્રેમીઓએ બચાવી



કમલમ દૈનિક, અરવલ્લી

મોડાસા શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક રોડની દુર્દશા થી નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે નગરપાલિકા તંત્ર આંતરિક માર્ગો પાછળ વર્ષે દહાડે લાખ્ખો રૂપિયા પ્રજાજનોના ટેક્ષના રૂપિયા ધૂળધાણી કરતા હોય તેમ ઠેર ઠેર રાજમાર્ગો ધોવાતાં ખાડા માર્ગમાં પરિવર્તિત બન્યા છે અનેક જગ્યાએ ખુલ્લી ગટરો લોકો માટે મોતના કુવા સમાન ભાસી રહી છે શહેરની વરસાદી પાણીના નિકાલની ગટર લાઈનમાં અનેક જગ્યાએ ભંગાણ સર્જાવાની સાથે ઢાંકણ પણ ગટરમાં વહી ગયા છે ત્યારે મોડાસામાં આકાર લઈ રહેલ અત્યાધુનીક આઈકોનિક બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાંથી પસાર થતી ગટર લાઈનમાં ભંગાણ સર્જાવાની સાથે ખુલ્લી હોવાથી ગાય ખાબકતા જીવદયા પ્રેમીઓને જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ક્રેઈનની મદદથી બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી શહેરીજનોમાં ગટરલાઈન પર થયેલ ભંગાણનું સમારકામ કરવામાં આવે તેમજ ઢાંકી દેવામાં આવેની માંગ પ્રબળ બની છે મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળથી પસાર થતી ગટરલાઈનમાં ભંગાણ સર્જાતા અને ઢાંકણ પણ ન હોવાથી ગાય ખોરાકની શોધમાં ગટરમાં ખાબકતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને જીવદયા પ્રેમી તરીકે જાણીતા નીલેશ જોશીનો સંપર્ક કરતા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગાયને બહાર કાઢવા ક્રેનની મદદ લઈ ગાયનું ગટર માંથી રેસ્ક્યુ ઓપરેશન કરી ભારે જહેમત બાદ સફળતા મળી હતી

ગાયને સામાન્ય ઈજાઓ થતા સારવાર આપી હતી મોડાસા નગરમાં ખુલ્લી ગટરોમાં પશુઓના પડી જવાની ઘટનાઓ છાશવારે બનતી હોય છે ત્યારે આ પ્રકારની ખુલ્લી ગટરો સત્વરે બંધ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે મોડાસા શહેરમાં વિકાસના નામે અનેક સ્થળે ખાડા ખોદી ખુલ્લા રાખી દેવામાં આવતા હોવાની અને ગટરલાઈન પર માટી નાખી દેવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે પ્રજાજનો અને વાહનચાલકોમાં ખાડાઓ અને ઢાંકણ વિહોણી ગટરો કોઈ નિર્દોષ રાહદારીનો ભોગ લે તે પહેલા પુરવામાં આવેની માંગ પ્રબળ બની છે

# અંબાજી પોસ્ટે વિસ્તાર માંથી જુગાર રમતા કુલ સાત(૭) ઈસમો સાથે કુલ મુદામાલ ૩,૫૯,૩૦૫/- નો મુદ્દામાલ પકડી પાડતી એલ.સી.બી પાલનપુર બનાસકાંઠા



- શ્રી જે આર મોથલીયા સાહેબ બોર્ડર રેન્જ, ભુજ તેમજ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલ સાહેબે જિલ્લામાં દારૂ/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા
- શ્રી ડી.આર.ગઢવી I/C પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નાઓ ના માર્ગ દર્શન મુજબ

કમલમ દૈનિક,

આર.જી.દેસાઈ પો.સબ.ઈન્સ એલ.સી.બી. સ્ટાફના હેડ.કોન્સ.નરેશભાઈ, દિગ્વિજયસિંહ, રાજેશકુમાર, મહેશભાઈ, પો.કોન્સ ઈશ્વરભાઈ, દિનેશભાઈ, રમેશભાઈ,નાથુભાઈ નાઓ અંબાજી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે અંબાજી હોલી ડે હોમ ની સામે પાટીદાર ભવનમાં કેટલાક ઈસમો તીન પત્તિનો પૈસા થી હાર જીત નો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે રેઈડ કરતા સાત (૭) ઈસમોને પકડી પાડેલ (૧) ભરતભાઈ છગનલાલ પટેલ રહે.ચાણસ્મા (૨)કનુભાઈ બબલદાસ પટેલ રહે.ચાણસ્મા (૩) વિષ્ણુભાઈ મફતલાલ પટેલ રહે.ચાણસ્મા(૪) ભુપતભાઈ હરસંગ ઠાકોર રહે.ડીસા (૫)નરેન્દ્રભાઈ મગળદાસ પટેલ રહે.ચાણસ્મા (૬)કનુભાઈ દુધાભાઈ પરમાર રહે.ચાણસ્મા (૭)ચંદ્રકાન્ત કેશવલાલ દરજી રહે.ઉઝા વાળા પાસેથી રોકડ રકમ રૂ.૨૭,૮૦૫/- તથા મોબાઈલ નંગ-૭ કી.રૂ.૩૧,૫૦૦/-એમ કુલ મુદ્દામાલ કી.રૂ.૫૯,૩૦૫/- નો મુદ્દામાલ સાથે તીન પતી નો જુગાર રમતા પકડાઈ ગયેલ હોઈ સદરે ઈસમો વિરૂધ્ધ અંબાજી પો.સ્ટે જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# કોરોના ની વિશ્વ મહામારી માંથી મુક્તિ મળે તેમાટે આજે દેવદિવાળી ને અનુલક્ષીને મેલડી માતાજી ને અન્નકૂટ સાથે મહાપૂજા આરતી કરાઈ



કમલમ દૈનિક, અરવલ્લી

આજે પૂનમ ને દેવદિવાળી ના પવિત્ર દિવસે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેના ખેતરવાળા મેલડી માતાજી ના મંદિરે દર વદિવાળી નિમિત્તે ની ઉજવણી માં મહાપૂજા મહાઆરતી અને માતાજી ના ભવ્ય અન્નકૂટ ભરી માતાજી સહિતના દેવી દેવતાઓને ભોગ ધરાવી જમાડવા માં આવ્યા હતા.ગજાજન ગણપતિ ને ચૂરમાના લાડુ.. અને અન્યદેવીવદેવતાઓને સુખડી.. મળીદા.. લાપસી..લાડુ ધરાવી અન્નકૂટ ભરવામાં આવ્યું હતો.મંદિરના સર્વ સર્વા પંકજભાઈ રાવલ જય માડી દ્ગારા મહાપૂજા અભિષેક અને મહાઆરતી ઉતારી શોશ્યલ ડીસ્ટન્સ માં હાજર રહેલ ભક્તો ને કોરોના મહામારી થી બચવા તેમજ સમગ્ર વિશ્વ આ મહામારી થી બચી જાય સંપૂર્ણ શાન્તિ નો માહોલ જામે..તમામ આરોગ્ય સુખાકારી થી જીવે સર્વ જવમાત્રનુ કલ્યાણ થાય તે માટેની શુભાશિષો પાઠવવામાં આવી હતી..

# મેઘરજ ના પહાડીયા ગામે દરોડામાં છ જુગારીઓને દબોચતી મેઘરજ પોલીસ.



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના મેઘરજ પોલીસ મથક વિસ્તારના પહાડીયા ગામે દરોડામાં છ જુગારીઓ મેઘરજ પોલીસે ઝડપ્યાના અહેવાલ પ્રાપ્ત થયા છે. વધુ પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ, મેઘરજ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એન એમ સોલંકી અને સ્ટાફે બાતમીના આધારે પહાડીયા ગામે નવસારી વાળી ખુલ્લી જગ્યાએ પંચો સાથે દરોડો પાડી છ જુગારીઓ સહિત જુગારનું સાહિત્ય, રોકડ રકમ રૂપિયા ૧,૮૯૦/-, ગંજીપાનાં નંગ. ૫૨. સાથે પકડાયેલા આરોપીઓ અનિલ અંસારી, શૈલેષ રાવળ, સંજય નિનામા, હિતેશ નિનામા, સુનીલ નિનામા, ગોપાલ રાવળ તમામ રહે. પહાડીયા તા. મેઘરજ જી અરવલ્લી ને ઝડપી પાડયા હતા. જ્યારે જીગ્નેશ ફણેસા નામનો જુગારી ફરાર છે.

# લાલપુર ગામનો યુવાન દેશ સેવા માટે બી.એસ.એફ.મા પસંદ થતાં મેઘાલય ખાતે રવાના ભવ્ય વિદાય



કમલમ દૈનિક, અરવલ્લી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના લાલપુર ગામના આગેવાન અને પ્રાંતિજ તાલુકા પંચાયત ના સદસ્ય લાલસિંહજી ઝાલા નો મોટો પુત્ર દેશ સેવા માટે બી.એસ.એફ.મા નંબર લાગતા પરિવાર માં અને તાલુકામાં આનંદની લાગણી વ્યાપી હતી.આજે લાલપુર ગામે તેમને સન્માનિત કરવા નાયબ મામલતદાર રીટાયર્ડ. શ્રી વી.એલ રાઠોડ અને તાલુકા જિલ્લા ના આગેવાનો દ્વારા શોશ્યલ ડિસ્ટન્સ થી સન્માનિત કર્યા હતી.દેશસેવા માટે સેવા કરવા તત્પર મુલાયમસિંહ ઝાલા અત્કમયંત ખૂશ હતા અને તેઓ અમદાવાદ એરપોર્ટ થી મેઘાલય બી.એસ એમ કેમ્પ ઓફિસ માટે રવાના થયા હતા્એરપોર્ટ સુધી પિતા લાલસિંહ અને પરિવારજનો એ હર્ષાશ્રુ સાથે પુત્ર ને આશીર્વાદ આપી વિદાય આપી હતી...

# બાઈક સાથે બાઈકચોરોને દબોચતી મેઘરજ પોલીસ




કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં મેઘરજ ટાઉન વિસ્તારમાંથી ચોરાયેલ બજાજ પલ્સર બાઈક મેઘરજ પોલીસે બે બાઈકચોરો સહિત ઝડપી લીધાના અહેવાલ પ્રાપ્ત થયા છે. વધુ પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ, મેઘરજ ટાઉન વિસ્તારમાં મેઈન બજારમાંથી ચોરાયેલ બજાજ પલ્સર બાઈક નંબર. જી. જે. ૦૯.સી.યુ.4905. CCTV ફુટેજના આધારે મેઘરજ પોલીસ સબ ઈન્સ્પેકટર એન એમ સોલંકી અને સ્ટાફે સર્વેલન્સ સ્કવોર્ડ તથા બાતમીદારો મારફતે કરાવી છાપો મારી ચોરીના બાઈક સહિત આરોપીઓ (૧) સંજય સુરેશ વસાવા રહે. સર્વોદયનગર ડુંગરી, મોડાસા (૨) હાર્દિક રસિકલાલ ભાવસાર રહે ભાવસારવાડો, મોડાસા જી. અરવલ્લી ને દબોચી લેવામાં સફળતા મળી છે.










# ડેડીયાપાડાના જંગલ ખાતાના રેસ્ટ હાઉસ ખાતે શ્રી ગણપતભાઈ વસાવા, ગુજરાત રાજ્યની પેરક ઉપસ્થિતિમાં તાપી આધારિત સિંચાઈ યોજના કાર્યરત થવાની છે, તે અંગેની માહિતી આપવામાં આવી

કમલમ દૈનિક,

ડેડીયાપાડાના જંગલ ખાતાના રેસ્ટ હાઉસ ખાતે શ્રી ગણપતભાઈ વસાવા, આદિજાતિ વિભાગના વન અને પર્યાવરણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્યની પેરક ઉપસ્થિતિમાં ડેડીયાપાડા તાલુકાનાં ૨ ૨ ગામોની અંદર તાપી આધારિત સિંચાઈ યોજના કાર્યરત થવાની છે, તે અંગેની માહિતી આપવામાં આવી તથા તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ આ યોજનાનું ખાતમુર્હુત કરવા ઉમરપાડા મુકામે પધારવાના હોય તે અંગે ઉપસ્થિત રહેલા ૨ ૨ ગામોના આગેવાનો તથા સરપંચશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યા. આ પ્રસંગે મનસુખભાઈ વસાવા ભરૂચ સાંસદ સભ્ય શ્રી ,માજી. મંત્રીશ્રી મોતીલાલ વસાવા, નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી શંકરભાઈ વસાવા તથા નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રણજીતભાઈ ટેલર, નર્મદા જિલ્લાના મહામંત્રીશ્રી રમેશભાઈ વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ માનસિંગભાઈ વસાવા, મહામંત્રીશ્રી ધરમસિંહભાઈ વસાવા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# એક NRI મહાત્મા... (સત્ય ગાથા)





શબ્દ રચના
હસુ ઠક્કર

કમલમ દૈનિક,

સિંતેર ના દસક મા મનોજકુમાર ની એક ફિલ્મ આવી હતી "પૂરબ ઓર પશ્ચિમ "ભારત દેશ ના નાગરિકો જ્યારે બિઝનેસ માટે વિશ્વ ના જુદા જુદા દેશો મા સ્થાયી થયા હતા ત્યાં ના કલ્ચર ને જીવન મા ઉતારી ભારતીય સંસ્કૃતિ ને ભુલી જઈ, ત્યાંની કલબો તેઓ હાથ મા ગ્લાસ ઝૂમતાં અને કેબ્રે ની મોજ મસ્તી મા ગડા ડૂબ હતા. એ અરસામાં ત્યારે એક શિક્ષિત ભારતીય એવો પણ હતો, આવા લોકો ની વચ્ચે એક ગ્રસ્થ યુવાન પોતાના પરિવાર સાથે આફ્રિકા દેશ મા રહી પોતાનું જીવન પસાર કરતો હતો.. જી હા આપણે વાત કરી રહ્યા છીએ એક એવા મહાપુરુષ ની કે જેણે પોતાની હાઈફાઈ લાઈફ સ્ટાઈલ માંથી મુક્ત કેમ થવું તેના રસ્તાઓ શોધી રહ્યો હતો.. એ અરસા મા આધ્યાત્મિક જીવનશૈલી અને ધર્મના સિદ્ધાંતો સાથે વૈભવશાળી પૂર્વ વિચારો ની સાથે કેમ મનગમતી પાઘડી પહેરાવી તેના ગડમથલ વિચારો ની ચિંતા મા આફ્રીકા દેશ મા બેઠા બેઠા બિઝનેસમેન વિશ્રામ ભાઈ કેરાઈ ને આધ્યાત્મિક જીવન તરફ ખેંચી રહ્યા હતા... આવા વિચારો સાથે કુદરતી શક્તિ પણ એટલો જ મહત્વ નો ભાગ ભજવી રહી હતી જેના કારણે મનુષ્ય જીવન મા નવી ચેતના રૂપી ઉર્જા તેને સંસારી જીવન માંથી આધ્યાત્મિક જીવન તરફ ખેંચી જઈ રહી હતી, તેનું સચોટ પ્રતિબિંબ છે કેનિયા ( આફ્રિકા ) દેશ ના રહેવાસી ને મૂળ ગામ ગુજરાત રાજ્ય ના કચ્છ જીલ્લા નું મિરઝાપર ગામ ના વિશ્રામભાઈ કેરાઈ ( પૂર્વાશ્રમ નું નામ) ઉર્ફે ઓમદાસ બાપુ નામ છે. ત્રીસ વર્ષ પહેલાં આફ્રીકા દેશ મા એક સફળ બિઝનેસમેન ની સાથો સાથ એક આજ્ઞાકારી સંતાનો ના પિતા તરીકે ની જવાબદારી નિભાવતા હતા. પ્રભુ પ્રીતિ નો માર્ગ ખુદ ભગવાન શ્રી ગણેશજીએ તેમના જીવન મા આવીને બતાવ્યો હતો અને તેમને અધ્યાત્મિક જીવન તરફ વળવાની કોઠાસૂઝ આપી અને કુદરતી શક્તિ એ એવો આભાસ કરાવ્યો કે હે જીવાત્મા તું ભારત દેશ તરફ તારી મીટ માંડ ને કચ્છ દેશ મા એવી એક જગ્યા જંગલ મા આવેલી છે ત્યાં નાનકડા ડેરા મા ભગવાન શિવ ભીમનાથ મહાદેવ તરીકે બિરાજમાન છે. બસ એજ દિવસે આફ્રીકા ના આ બિઝનેસમેને મના મા નક્કી કર્યું કે ખુદ ભગવાન ગણેશજી એ જે આદેશ કરેલ છે એ ભીમનાથ મહાદેવની ખોજ મા આફ્રીકા દેશ થી સંસાર ની મોહમાયા મૂકી સંતાનો ને લાખો નો બિઝનેસ સોંપી ને શિવ ની શોધ મા આ વિશ્રામ ભાઈ (ઓમદાસ બાપુ ) ભારત આવવા માટે નીકળી પડ્યા...૨૮ વર્ષ પૂર્વે આ દ્રઈૈં ગુજરાત રાજયના કચ્છ સ્ટેટ મા આવેલ ભુજ શહેર પહોંચેલા, આ સંસારી મનુષ્ય વિશ્રામભાઈ ને ભોમિયા રૂપે એક સંત મળે છે અને શિવનામ નું ઉચારણ કરતા ની સાથે જય ભીમનાથ બોલતા ની સાથે વિશ્રામ ભાઈ નો વિશ્વાસ વધુ દ્રઢ થતાં એ સંત સાથે ભુજ થી ઉપડતી એસ ટી બસ ભૂજ- હાલાપર મા મોડકુબા ગામ આવ્યા હતા જંગલ વિસ્તાર મા રાત પડી જતાં રાતવાસો જંગલ મા જ કરી બીજે દિવસે સવારે શિવરાત્રી હોઈ મંદિર ની ધજા ના દર્શન થતાં શિવ મંદિર સાથે તેમને ભીમનાથ મહાદેવ ની ઉપસ્થિત નો અહેસાસ થયો... શિવ ભક્તિ નો માર્ગ અને વેરાન વગડા ની આ જગ્યા પર શરૂઆત મા આ આધ્યાત્મિક યુગ પુરુષ ઝાડ પર માંચડો બનાવી ને રહેવાનું શરૂ કરેલ.. આફ્રીકા દેશ મા રહી તેમના આ પ્રકૃતિ પ્રેમ ને કંઈ રીતે આ જગ્યાએ ચેતનવંતુ બનાવું એવા સંકલ્પ સાથે તેઓ નો દ્રઢ વિશ્વાસ એવો હતો કે ભગવાન શ્રી કૃષ્ણ ના વૃંદાવન જેવું વન આ ભીમનાથ મહાદેવ ની જગ્યા ને બનાવવાનું વિચાર્યું હતું... આ વિચાર ને સિદ્ધ કરતા અનેક વૃક્ષો અને કુદરતી જડીબુટ્ટી ના વૃક્ષો નું પણ રોપણ કર્યુ હતું.. આજે જ્યારે માંડવી અને અબડાસા વચ્ચે આવેલ કરોડિયા ગામ થી વન તરફ જતા માર્ગ પર પ્રવેશ ની સાથે અનેક પક્ષીઓના કલરવ ના મધુર અવાજ કર્ણપ્રિય લાગે છે... ભીમનાથ મહાદેવ મંદિર ના સાનિધ્ય ની પરોઢ ઓમ સાધના સ્થાન માંથી H H ના મધુર રણકા સાથે ઓમદાસજી મહારાજ નું નિત્યક્રમ પણ એટલુંજ પવિત્ર છે એ ઓમ સાધના કેન્દ્ર માંથી ભગવાન શ્રી સૂર્યનારાયણ ને જળ નું અરગ અર્પણ કરી , તું હી માત પિતૃ જગતપિત ને યાદ કરી ઓમ નમઃ ભગવતે વાસુદેવાય સાથે પીપળે પિતૃઓ ની તૃપ્તિ ના નિત્યક્રમ સાથે સિધી વાટ ત્રી - નેત્રમ ભાસકારાય તરફ ખેંચી જાય છે આ વૃંદાવન સમાન વનમાં સવાર ની મહેક પ્રસરાવતા અનેક સુગંધિત પુષ્પો ની વચ્ચે મોર ની કળા , કોયલ નો ટહુકો અને પક્ષીઓના મધુર અવાજ ની વચ્ચે શિવ સાધના નો સમય તે પણ સરસ પ્રકૃતિ ની પરોઢ એ ભગવાન ભીમનાથ મહાદેવ ની ભસ્મ પૂજન વિધિ અને પંચામૃત સાથે ઓમ નમઃ શિવાય ઓમ નમઃ શિવાય ના ગુંજન થી અહીંયા મહાદેવ ના છટાદાર શણગાર થાય છે સુગંધ થી મહેકતું આ ભીમનાથ મહાદેવ ના સાનિધ્ય મા ભોલે ભંડારી ની આરતી નો રણકાર કચ્છ મા કૈલાશ ની અનુભૂતિ કરાવે છે...ઓમદાસજી બાપુ નો ભીમનાથ મહાદેવ તરફ નો તેમનો ભાવ જાણે સાક્ષાત્ માં ભવાની અને શંકરન ની સામે જ ભાવપૂર્વક ની આરતી કરતા કરતા હોય તે રીતે જોવા મળે છે.. આ અલોકીક ભાવના ના દર્શન કરવા હોયતો ચોક્કસ પણે તમારે ભીમનાથ મહાદેવ ના સાનિધ્ય મા આવવું પડે.. કુદરતે આપેલ શણગાર વચ્ચે આ ઉપવન ની ચોફેર સરોવર ની જેમ વિશાળ ડુંગરો થી ઘેરાયેલું સરોવર માન ભેર જાણે માનસરોવર ની શોભા હોય તેવો અહેસાસ કરાવે છે. શ્રી ઓમદાસજી બાપુ ને પહેલી નજરે જોતા એક સમાન્ય સેવક લાગે..અને સામાન્ય કેમ ન લાગે . પચીસ પચીસ વર્ષ થી જે મહાદેવ ના સાનિધ્ય માં હોય તેના તો ષટ રીપૂ નાશ પામી જ ગયા હોય ત્યારે નિર્મળ ..નિરાભિમાન.. અને કાંચ જેવા પારદર્શક વ્યક્તિત્વ ના સામાન્ય મલિક માં રૂપાંતરણ થયું હોય ને..!!!!!!!જેને પરિવાર નો મોહ ત્યાગ થયો હોય..વિદેશ ની ઝાકઝમાળ આંજી ન શકી હોય ..ખુદ ગણેશજી સ્વપ્રમાં આવી ને ભોળિયા ભીમનાથ મહાદેવ ની જગ્યા માં આળોટવા માટે ખેંચી લાવે એ જીવાત્મા કોઈ એક જન્મ ના પુણ્ય નું ભાથું લઈ ને થોડો આવ્યો હોય..અરે એતો કેટલાય જન્મોના પુરુષાર્થ નું પરિણામ હશે..નહીં તો ઓમદસ બાપુ એ જણાવ્યું તેમ તેના સંકલ્પ માત્રથી દેવી દેવતા ઓ એમના કાર્યો પૂર્ણ કરી દે છે...પણ નિયમોનું પાલન તો એમને પણ કરવું પડે છે..કહે છે કે હવે ભીમનાથ પરિસર ની બહાર ની દુનિયા અમારા માટે નકામી..આજ મારું જીવન...બસ આ ભોળિયા ના સાનિધ્ય માં ચિપીયો ખોડયો ઈ ખોડ્યો... અહીં થી હવે ના હલવાનું કે ના ચાલવાનું...!વળી ત્યાં જે પોતાનું રહેઠાણ બનાવ્યું છે એ અને એની સાથે કોઈ સાધકે સાધના માટે આવવું હોય એ જગ્યા પણ અદભુત ઉર્જા સભર..તેમનાંદ્વારા જાણવા મળ્યું કે આ જગ્યા કોઈ ઈનજીનીયર ની સલાહ થી નથી બન્યું..પણ સ્વપ્રમાં ઓમદાસ બાપુ ને કોઈ માર્ગદેશન આપતું અને એ રીતે આખો સાધના ખન્ડ તૈયાર થયો...સ્વપ્ર માં આવે એ બીજું કોણ હોય...એજ ....કે જેના ભક્તો પર એટલી પ્રીતિ હોય કે એને ક્યારેક ભક્તો ના સેવક બનવા ના મોકા શોધવા પડતા હોય.સાચી ..નિસ્વાર્થ ભક્તિ ના રંગે જે જીવ રંગાયો હોય એના કામ તો પરમાત્મા ને ખુદ ને કરવા મજબૂર થવું પડે...પણ ભક્તિ નો માર્ગ કાઈ ખવા ના ખેલ નથી..ખાંડા ની ધાર છે...આવી ધાર પર ઓમદાસ બાપુ પણ ક્યારેક ચાલ્યા હશે... એ બધી વાતો જાણવા તો આપણ ને એમના અધિકારી બનવું પડે..હા એટલું ચોક્કસ કે..આ શિવ ના સાનિધ્ય મા આવેલ ભીમનાથ મહાદેવ મંદિર માં સાક્ષાત્ તમને ભગવાન કૈલાસપતિ ની અનુભૂતિ કરાવશે તેમાં બે મત નથી... એક વસ્તુ જીવન મા નક્કી છે કે જ્યારે તમારે અધ્યાત્મિક જીવન તરફ વળવાનું મન હોય ત્યારે કુદરત તમને એક મોંકો ચોક્કસ પણે થી આપે છે બસ જો તમે એ સમય ને પારખી શકો તો.. જેમ આ સમય ને વિશ્રમભાઈ કેરાઈ ઉર્ફે ઓમદાસ બાપુ પારખી જઈ ને પોતાનો ભવ સુધારી લઈ અધ્યાત્મિક જીવન ની વાટ પકડી લીધી..નમઃ શિવાય..

# હર ઘર નળ સે જલનું સપનું સાર્થક : વાસણભાઈ

## રૂા.૧.૪૨ કરોડના ખર્ચે નિર્મિત અંજાર જલભવનનું રાજ્યમંત્રીના હસ્તે લોકાર્પણ



કમલમ દૈનિક,

અંજાર જળ એ જીવન છે. હર ઘર નળ સે જળ નું પ્રધાનમંત્રીએ જોયેલું સ્વપ્ર સાર્થક થઈ રહયું છે એમ રાજયમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું. અંજાર ખાતે રૂ.૧.૪૨ કરોડના ખર્ચે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા નિર્મિત જલભવનનું લોકાર્પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના અને પ્રવાસન રાજયમંત્રી વાસણભાઈ આહિરે કર્યુ હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આવનારા સમયમાં કચ્છમાં રૂ.૧૪ કરોડના ખર્ચે બની રહેલા વીર બાળ ભૂમિ સ્મારક, સોલારપાર્ક અને નંદીશાળાના પ્રવાસન વિકાસથી મહત્વનો વિકાસ જોવા મળશે. મંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું કે, હવે ૪૫૦ એમ.એલ.ટી.ની ના બદલે ૫૫૦ એમ.એલ.ટી. પાણી આપી શકીશું. ટપ્પર ડેમના પગલે હવે પાણીની સમસ્યા પણ ભૂતકાળ બની રહી છે. અગ્રણી જીવા શેઠે અંજારમાં થયેલા વિકાસકામોની વિગતો જણાવી સરકારનો આભાર માન્યો હતો. અંજાર નગરપાલિકા શાસક પક્ષના અગ્રણી ડેની શાહે જણાવ્યું હતું કે, જલભવન કાર્યરત થતા અંજાર, ગાંધીધામ, મુન્દ્રા તાલુકાની જનતાને પીવાના પાણીની કામગીરીનું નિરાકરણ એકજ સ્થળેથી થશે. પાણી પુરવઠા બોર્ડના મુખ્ય ઈજનેર એ.જી.વનરાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, જલસેવાભવન ખાતમૂહૂર્ત વાસણભાઈના હસ્તે થયું હતું અને રૂ.૧.૪૨ કરોડના ખર્ચે જલભવનમાં અંજાર વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, સીવીલ પેટા વિભાગીય કચેરી અને યાંત્રિક પેટા વિભાગીય કચેરી વાસ્મો કચેરી તથા તાલુકા લેબોરેટરી એકજ સ્થળે કાર્યરત થશે. જેનો લાભ સંકળાયેલા દરેક નાગરિક મેળવી શકશે તેનું લોકાર્પણ મંત્રીના હસ્તે થયું છે.આભારવિધિ કાર્યપાલક ઈજનેર એસ.એમ.શાહએ કરી હતી. આ પ્રસંગે તા.પં.પ્રમુખ ગોવિંદભાઈ ડાંગર, અગ્રણી જીવાભાઈ શેઠ, બાબુભાઈ મરંડ, ડેની શાહ, રશ્મિન પંડયા, મહાદેવભાઈ આહિર, ગોપાલભાઈ માતા તેમજ જલસેવા ભવનમાં સંકળાયેલા કાર્યપાલક એ.જે.લધર સહિત વાસ્મો યુનિટ મેનેજર ડી.સી.કટારિયા, નાકાઈ એ.પી.મહેશ્વરી, અધિકારીઓ – કર્મચારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગની કેટલીક વધારાની સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સમયમાં સુધારણા

કમલમ દૈનિક,

પશ્ચિમ રેલવેની વિવિધ ફેસ્ટિવલ સ્પેશિયલ અને અન્ય સ્પેશિયલ ટ્રેનોના ઓરિજીનેટિંગ/ટરમીટિંગ સમયમાં ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી ઝીરો બેઝડ ટાઈમટેબલ (ઢ઼) ના અમલીકરણ ના કારણોસર ફેરફાર કરવામાં આવેલ છે. કેટલાંક સ્ટોપ પાછા ખેંચી લેવાયા છે અને નવા સ્ટોપ આપવામાં આવેલ છે. વધુમાં, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનની અન્ય કેટલીક સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સમયમાં ૧, ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૨૦ થી ફેરફાર કરવામાં આવેલ છે, જેની વિગતો નીચે આપવામાં આવેલ છે :-

૧). દાદર-ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલ (દરરોજ)

૦૯૧૧૫ સ્પેશિયલ ટ્રેન ૨ ડિસેમ્બર, ૨૦૨૦ થી દાદરથી ૧૫.૨૦ કલાકે નીકળશે અને પછીના દિવસે ૦૬.૩૫ કલાકે ભુજ પહોંચશે. એ જ પ્રમાણે ૦૯૧૧૬ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ ભુજથી ૨૨.૩૫ કલાકે રવાના થશે અને પછીના દિવસે ૧૩.૫૫ કલાકે દાદર પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના બોરીવલી, વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, ધ્રાંગધ્રા, સામખીયાળી અને ગાંધીધામ સ્ટેશને રોકાશે.

૨). પોરબંદર - દિલ્હી સ્પેશિયલ (દ્રી સાપ્તાહિક)

૦૯૨૬૩ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી પોરબંદર થી ૧૯.૪૦ કલાકે નીકળશે અને પછીના દિવસે ૧૯.૩૦ કલાકે દિલ્હી પહોંચશે. ૦૯૨૬૪ સ્પેશિયલ ટ્રેન ૩ ડિસેમ્બર, ૨૦૨૦ થી દિલ્હીથી ૦૮.૧૦ કલાકે નીકળશે અને પછીના દિવસે ૦૯.૦૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, આંબલી રોડ, મહેસાણા અને પાલનપુર સ્ટેશનો પર રોકાશે.

૩). મુંબઈ સેન્ટ્રલ- ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ (દરરોજ)

૦૨૯૪૫ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી મુંબઈ સેન્ટ્રલ થી ૨૧.૧૫ કલાકે રવાના થશે અને પછીના દિવસે ૧૪.૫૫ કલાકે ઓખા પહોંચશે. આ જ પ્રમાણે, ૦૨૯૪૬ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ ઓખાથી ૧૧.૦૫ કલાકે રવાના થશે અને પછીના દિવસે ૦૪.૫૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના દાદર, બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ખંભાળિયા અને દ્વારકા સ્ટેશનો પર રોકાશે.

૪). બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક)

૦૯૪૫૫ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી બાંદ્રા ટર્મિનસ થી ૧૭.૪૫ કલાકે રવાના થશે અને પછીના દિવસે ૦૮.૩૦ કલાકે ભુજ પહોંચશે. આ જ પ્રમાણે, ૦૯૪૫૬ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી ભુજ થી ૨૦.૧૫ કલાકે રવાના થશે અને પછીના દિવસે ૧૧.૪૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના બોરીવલી, વાપી, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, ધ્રાંગધ્રા, સામખીયાળી અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે.

૫). ગાંધીધામ - પુરી સ્પેશિયલ (સાપ્તાહિક)

૦૨૯૭૩ સ્પેશિયલ ટ્રેન ૨ ડિસેમ્બર, ૨૦૨૦ થી ગાંધીધામ થી ૧૩.૪૫ કલાકે રવાના થશે અને ત્રીજા દિવસે ૦૮.૦૫ કલાકે પુરી પહોંચશે. એ જ પ્રમાણે, ૦૨૯૭૪ સ્પેશિયલ ટ્રેન ૫ ડિસેમ્બર, ૨૦૨૦ થી પુરી થી ૧૧.૧૦ કલાકે રવાના થશે અને ત્રીજા દિવસે ૦૬.૦૦ કલાકે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત અને નંદુરબાર સ્ટેશનો પર રોકાશે.

૬). અમદાવાદ-પુરી સ્પેશિયલ (અઠવાડિયામાં ૪ દિવસ)

૦૨૮૪૪ સ્પેશિયલ ટ્રેન ૩ ડિસેમ્બર, ૨૦૨૦ થી અમદાવાદ થી ૧૯.૦૦ કલાકે રવાના થશે અને ત્રીજા દિવસે ૦૮.૦૫ કલાકે પુરી પહોંચશે. એ જ પ્રમાણે, ૦૨૮૪૩ સ્પેશિયલ ટ્રેન ૧ ડિસેમ્બર, ૨૦૨૦ થી પુરી ખાતેથી ૧૭.૩૦ કલાકે રવાના થશે અને ત્રીજા દિવસે ૦૬.૩૫ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન પશ્ચિમ રેલવેના આણંદ, વડોદરા, ભરૂચ, સુરત અને નંદુરબાર સ્ટેશનો પર રોકાશે.

મુસાફરો જરૂરી સ્પેશિયલ ટ્રેનોના સ્ટોપેજ સ્ટેશનો પર નિયત સમયથી આગમન / પ્રસ્થાન અંગેની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પર મેળવી શકે છે.

# માંડવીના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના પ્રયાસોથી શહીદ માણસી ગઢવીના પક્ષ્નિ આઠ એકર જમીન મંજૂર કરાઈ

કમલમ દૈનિક,અજય ખત્રી

માંડવી મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામના વીર શહીદ માણશી રાજદેભાઈ ગઢવીએ વર્ષ ૨૦૦૪માં શહાદત વહોરી હતી અને છેલ્લા ઘણા વર્ષોથી તેમના ધર્મપત્ની સોનલબેન માણશીભાઈ ગઢવી દ્વારા સરકારી નોકરી તેમજ જરૂરી જમીન માટે સરકાર પાસે માગણી કરવામાં આવી હતી.વર્તમાન ધારાસભ્ય અને અખિલ કચ્છ રાજપૂત ક્ષત્રિય સભાના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાના ધ્યાને આ વાત આવતા ક્ષાત્ર ધર્મ ધર્મ નીભાવતા ધર્મ નીભાવતા ધર્મ નીભાવતા ધર્મ નીભાવતા સાચા સાચા લોક પ્રતિનિધિ તરીકે વિરેન્દ્રસિંહ જાડેજા દ્વારા રાજ્ય સરકારને યોગ્ય રજૂઆત કરાતાં તાત્કાલિક ધોરણે શહીદ વીર માણસી ગઢવીના ધર્મપત્ની સોનલબેન ગઢવીને ભુજ તાલુકા રતીયા ગામની સીમમાં ખેતી માટે આઠ એકર જમીન મંજૂર કરવામાં આવી છે.

રતિયા ગામ ની સીમ સરવે નંબર ૨૦૦/૦૧/ પૈકી એક ની હે.૩-૨૩-૭૫ (આઠ એકર) જમીન નો ઓર્ડર સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. શહીદ માણસી ગઢવીના ધર્મપત્ની સોનલબેન ગઢવી અને તેમના પરિવારે રાજ્ય સરકાર તેમજ ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાનો આભાર માન્યો હતો.



દેવદિવાળી અને ગુરુ નાનક જયંતિના શુભ અવસરે અમદાવાદીઓ તથા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના લોકો માટે નવું નજરાણું

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે રૂ.૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત સિંધુ ભવન ચાર રસ્તા અને સાણંદ જંક્સન ફ્લાય ઓવરનું ઈ-લોકાર્પણ

## ૫૦ કિલોમીટરના રોડ પર ટ્રાફિક સિગ્નલ ન આવે તેવા પ્રકારની સુવિધા નોઈડા પછી પ્રથમવાર ગુજરાતમાં ઊભી થઈ છે: અમિતભાઈ શાહ

### સિંધુ ભવન ચાર રસ્તા ફ્લાય ઓવર રૂ. ૩૫ કરોડ અને સાણંદ જંક્સન ફ્લાય ઓવર રૂ. ૩૬ કરોડના ખર્ચે થયો છે

કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે આજે અમદાવાદમાં ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સહયોગથી અમદાવાદમાં નિર્માણ પામેલા રૂ. ૭૧ કરોડના બે ફ્લાય ઓવરનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમણે ગુજરાતમાં થયેલા મહત્વના કાર્યોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગુજરાતમાં કોરોનાના સમયમાં પણ વિકાસની ગતિ રોકાઈ નથી જે અભિનંદનને પાત્ર છે. ગુજરાતની જી.ડી.પી. પહેલાની જેવી સ્થિતિ આગામી સમયમાં ઝડપથી હાંસલ કરી લેશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી દ્વારા કોરોનાની દૂરોગામી અસરોને ધ્યાનમાં રાખીને વીજળી, રોડ, ઉદ્યોગ નીતિ વગેરે ક્ષેત્રોમાં સુધારા કરી રૂ.૨૦,૦૦૦ કરોડનું પેકેજ દેશને આપ્યું હતું જેના પરિણામે આગામી ત્રણ મહિનામાં દેશ તેની પૂર્વ સ્થિતિ હાંસલ કરી રહેશે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી એ સ્પષ્ટ પણે જણાવ્યું કે ગુજરાતે કોરોના સંક્રમણ વચ્ચે પણ વિકાસ રફતાર જાળવી રાખી છે. આજે રાજ્યમાં વીજ ખપત કોરોના પહેલા ના સમય જેટલી થઈ ગઈ છે. એટલુજ નહિ ગુજરાત આવનારા દિવસોમાં પહેલા જેટલો જ જી ડી પી રેટ પણ હાસલ કરી લેશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. શ્રી અમિત શાહે કહ્યું કે ગુજરાત સહિત દેશ આખો કોરોના સામે નરેન્દ્ર ભાઈ મોદી ના નેતૃત્વ માં લડી રહ્યો છે. પ્રધાન મંત્રી શ્રી એ કોરીનાની આ મહામારી ની સ્થિતિની અસર દેશના અર્થતંત્ર પર ના પડે તે માટે આગવી દૂરદર્શિતા દાખવી ને પોલિસી મેકીંગ કર માળખું ઈન્ડસ્ટ્રીયલ સેકટર સહિત અનેક ક્ષેત્રોમાં સુધારા રિફર્મ લાવી દેશને આગળ વધાર્યો છે. તેમણે ગરીબો માટે ૨૦લાખ કરોડ નું પેકેજ પણ આપ્યું છે. ગૃહ મંત્રી શ્રી એ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બધા ના પરિણામે આપણે એફ ડી આઈ એફ આઈ આઈ માં અનેક ગણી સારી સ્થિતિ માં છીએ આગમી ત્રણ મહિના માં આપણે જી ડી પી માં પણ પૂર્વવત સ્થિતિ હાસલ કરીશું. તેમણે ઉમેર્યું કે પ્રધાન મંત્રી શ્રી એ લાંબા ગાળાની અસરો ધ્યાને રાખી નીતિ વિષયક સુધારાઓ કર્યા છે તે પરિણામ કારી નીવડશે. સિંધુભવન ચાર રસ્તા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે કહ્યું કે, સરખેજ- ચિલોડા- ગાંધીનગરના નવનિર્મિત છ માર્ગીય નવનિર્મિત રોડ અમદાવાદ અને ગાંધીનગરના સૌથી ઝડપથી વિકસતાં વિસ્તારમાં થી પસાર થાય છે. તેઓ જે મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે તેવા ગાંધીનગર મતક્ષેત્રમાંથી ૯૦% માર્ગ પસાર થાય છે તેનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો. ગુજરાતને જ્યારે પણ જરૂર પડશે ત્યારે કેન્દ્ર સરકાર ચટ્ટાનની જેમ ગુજરાત સરકારની પડખે ઉભી છે તેમ જણાવી કોરોનાના કાળમાં પણ ગુજરાતે અદભુત માળખાકીય વિકાસ સાધ્યો છે તેની તેમણે પ્રશંસા કરી હતી. આજે નિર્મિત અમદાવાદ -ગાંધીનગર -ચિલોડા છ માર્ગીય રોડ થી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જોડાવાની સાથે રાજસ્થાન જેવા રાજ્ય પણ જોડાશે. આ છ માર્ગીય રોડ લોકોની ટ્રાફિકની સમસ્યા નિવારી ઓદ્યોગિક વિકાસ માટે પણ ઉપકારક સાબિત થશે.કેન્દ્રીય ગૃહમંત્રીએ શ્રી અમિતભાઈ શાહે સૌરાષ્ટ્ર -ગાંધીનગર તથા ગુજરાત-રાજસ્થાનને જોડતાં આ માર્ગને ઝડપથી પૂર્ણ કરવા ગુજરાત સરકારનો આભાર માનતા કહ્યું કે, આ ફ્લાય ઓવરની સાથે અન્ય ફ્લાયઓવર પણ બનશે જેનાથી રોકટોક વગરના ૫૦ કિલોમીટરના રોડ પર ટ્રાફિક સિગ્નલ ન આવે તેવા પ્રકારની સુવિધા દેશમાં નોઈડા પછી પ્રથમવાર ગુજરાતમાં ઊભી થઈ છે.નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં માળખાકીય વિકાસમાં પ્રથમ ક્રમાંક જાળવી રાખ્યો છે તેમ જણાવી કહ્યું કે, મોટા રેલ્વે સ્ટેશન, સાગર કિનારાને દેશ સાથે જોડવા માટે ગુજરાતમાં અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય વિકાસકાર્યોથી દેશમાંઅગ્રેસર છે તે માટે રાજ્ય સરકારને તેમણે અભિનંદન આપ્યા હતા. ગુજરાતે આ વિકાસયાત્રામાં લીડ લીધી છે. આજે પ્રગટ થયેલા અખબારી અહેવાલો અનુસાર વિદેશી મૂડીરોકાણમાં ગુજરાત દેશમાં ૫૨ ટકાના રોકાણ સાથે સૌથી આગળ તે ગૌરવપ્રદ ઘટના છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગેમહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, ધારાસભ્યશ્રીઓ, ઔડાનાપૂર્વ ચેરમેન શ્રી સુરેન્દ્રભાઈ પટેલ તેમજ પદાધિકારીઓ -અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ભારત અને ગુજરાત આગામી ત્રણ મહિના માં જ પૂર્વવત જી ડી પી વિકાસ દર હાંસલ કરી લેશે.: શ્રી અમિતભાઈ શાહ

### માર્ગો સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામોથી ગુજરાતના શહેરોને વિશ્વ કક્ષાના આધુનિક શહેરોની સગવડ આપીને ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવ્યું છે - મુખ્યમંત્રીશ્રી



### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈની દૂરંદેશીતાના પગલે કોરોના મહામારી છતા દેશનું અર્થતંત્ર નીતિગત સુધારા અને રિફોર્મ્સ -પોલીસીના અમલ દ્વારા આગેકૂચ કરશે. : શ્રી અમિતભાઈ શાહ

### ગુજરાતને જ્યારે પણ જરૂર પડશે ત્યારે કેન્દ્ર સરકાર ચટ્ટાનની જેમ ગુજરાત સરકારની પડખે ઉભી છે: શ્રી અમિતભાઈ શાહ

### ગુજરાતે દેશમાં સૌથી વધુ ૫૨ ટકા ઉપરાંત એફ.ડી.આઈ. મેળવ્યું : શ્રી વિજયભાઈ રૂપાણી

### માર્ગો- દરિયાઈ માર્ગો હવાઈ માર્ગો સમયની માંગ અનુરૂપ વિકસાવી રહ્યા છીએ: શ્રી વિજયભાઈ રૂપાણી

### કોંગ્રસના સમયમાં ખાતમુહૂર્તના પથરા વરસોના વરસો પડયા રહેતાં અમે જેના ખાતમુહૂર્ત કરીએ તેના લોકાર્પણ પણ અમે જ કરીએ તેવું સમયબદ્ધ કામ કરવાની પરંપરા ઊભી કરી છે: શ્રી વિજયભાઈ રૂપાણી



### અમદાવાદ-ગાંધીનગરને જોડતા નવા માર્ગો લોકોની સુખાકારી માટે ટોલ ફ્રી રાખ્યા છે:શ્રી નીતિનભાઈ પટેલ

### કોરોનાના કાળમાં પણ ગુજરાતે અદભુત માળખાકીય વિકાસ સાધ્યો છે: શ્રી અમિતભાઈ શાહ



## મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતનો મહત્ત્વનો ધોરીમાર્ગ રાજકોટ- ગાંધીનગર હાઈવેને ૬ માર્ગીય કરવાના પ્રથમ ચરણમાં બે ફલાયઓવર બ્રિજના લોકાર્પણ દેવ દીવાળીના પાવન પર્વે ગુજરાતના વિકાસની નવિન ક્ષિતિજો ઉઘાડનારો અવસર બન્યો છે. મુખ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે ગુજરાતમાં માર્ગો સહિત ઈન્ફરાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો થી ગુજરાતના શહેરોને વિશ્વકક્ષાના આધુનિક શહેરોની સગવડ આપીને ગુજરાતને મોડેલ સ્ટેટ બનાવ્યું છે. સિંધુભવન ચાર રસ્તા ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉદ્બોધન કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે હંમેશા દુનિયાના આધુનિક શહેરોની સગવડોને અપનાવી ગુજરાતને એક મોડેલ રાજ્ય તરીકે રજૂ કર્યું છે. ગુજરાતે દેશભરમાં સૌથી વધુ એફ.ડી.આઈ. આખા દેશના ૫૨ %થી વધુ વિદેશી મૂડીરોકાણ મેળવ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, માર્ગો દરિયાઈ માર્ગો હવાઈ માર્ગો સમયની માંગ અનુરૂપ ગુજરાતમાં વિકસાવીને આપણે આ સિદ્ધિ મેળવી છે. તેમણે ઉમેર્યું કે, કોરોના વચ્ચે 'જાન ભી હે જહાં ભી હે' એ વડાપ્રધાનશ્રીના કોલને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર કોરોના સામે ઝઝૂમી રહી છે. આ કોરોના કાળમાં ગુજરાતના વિકાસને રોકાવા દીધો નથી, કામ ચાલુ રાખ્યું છે. કોરોના વચ્ચે પણ છેલ્લા ૪ મહિનામાં ૧૫૦૦૦ કરોડ થી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના સમયમાં કોઈ કામનું ખાતમુહૂર્ત થાય ને પછી વરસો ના વરસો કામ થતું નહિ . આપણે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એવી પદ્ધતિ વિકસાવી કે સમયબદ્ધ રીતે કામો થાય છે. જેનું ખાતમુહૂર્ત અમે કરીએ છીએ તેનું લોકાર્પણ પણ અમે સમયસર કરીએ છીએ એવી ઝડપે વિકાસ કામો પૂરા કરીએ છીએ એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું.ગુજરાતમાં વિકાસની બધી યોજનાઓ પણ સમય પર પૂર્ણ થાય છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.શ્રી વિજયભાઈ રૂપાણીએ કિસાન સૂર્યોદય યોજના, ગિરનારનો રોપ-વે, રોપેક્સ સેવા, સી પ્લેન, કેવડિયાના પ્રકલ્પો જેવી અનેકવિધ માળખાકીય સુવિધાઓથી ગુજરાત દુનિયામાં વિકાસનું રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દિલ્હીથી ગુજરાતના વિકાસમાં રોડાં નાખતી સરકાર હવે નથી. મોસાળે માં પીરસનારી એવી આ સરકાર છે, ત્યારે 'વિકાસ એક જ મંત્રને ધ્યાનમાં રાખ્યો છે. વિકાસ સિવાય કોઈ વાત નહિ અને જ્યાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય સાથે લઘુત્તમ સાધનોનો મહત્તમ ઉપયોગ કરી પ્રજાના નાણા પ્રજાની સુખાકારી માટે વપરાય તે માટે કમર કસી છે. વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ઉત્તમ બનાવ્યું છે, આપણે તેને સર્વોત્તમ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### માર્ગ-મકાન વિભાગની સક્રિય કામગીરી લીધે ગુજરાત દેશમાં સૌપ્રથમ ફાટકમુક્ત રાજ્ય બનશે:શ્રી નીતિનભાઈ પટેલ



નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ કહ્યું કે, સરખેજથી વૈષ્ણોદેવી થઈ ચિલોડાથી હિંમતનગર થઈ રાજસ્થાન જતા મહત્વના રોડની સગવડમાં વધારો કરવાનું મહત્ત્વનું કાર્ય થયું છે. રાહદારીઓને ટ્રાફિકમાંથી મુક્તિ મળે તે માટે ભારત સરકારના સહયોગથી ૪૪ કિલોમીટરના રોડને છ માર્ગીય રોડમાં પરિવર્તન કરવાના પ્રથમ ચરણનું કાર્ય થયું છે. સાણંદ ચાર રસ્તા પરનો ઓવરબ્રિજ સાણંદ જી.આઈ.ડી.સી. અને સૌરાષ્ટ્રને જોડે છે. આથી ઉદ્યોગ માટેના વાહન વ્યવહાર માટે પણ સરળતા અને સુગમતા ઊભી થઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેઓએ વધુમાં કહ્યું કે, વર્ષ ૨૦૧૬-૧૭માં માર્ગ મકાન મંત્રી તરીકે આ પ્રોજેક્ટનો ખ્યાલ આવ્યો હતો. અમદાવાદનું જેટલું મહત્વ છે તેવું રાજકોટનું પણ મહત્વ છે. તે ધ્યાનમાં રાખીને રાજ્યના આ નેશનલ હાઈવેને બે માર્ગીયમાંથી ચારમાર્ગીય અને વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખી છ માર્ગીય રસ્તો કરવા રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન કર્યું છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં રાજકોટ અમદાવાદ હાઈવેને છ માર્ગીય કરવાનું શરૂ કરેલું કામ અત્યારે રૂ. બે હજાર કરોડના ખર્ચે ૬૦થી ૭૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. સરખેજ થી ચિલોડાનો માર્ગ પણ રૂ. ૮૫૦ કરોડના ખર્ચે પૂર્ણ થવાની તૈયારીમાં છે. આ બધું રાજ્ય સરકારના સુંદર આયોજન અને કેન્દ્ર સરકારના સહયોગને કારણે શક્ય બન્યું છે તેમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું. અમદાવાદ ગાંધીનગરને જોડતા માર્ગો પર સંપૂર્ણ ટોલ ફ્રી રસ્તાનું નિર્માણ દેશમાં સૌપ્રથમવાર ગુજરાતમાં શક્ય બન્યું છે. આ માટે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય માર્ગ વાહન વ્યવહાર મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીના અભૂતપૂર્વ સહકાર મળ્યો છે. રાજ્યના નાગરિકોને કોઈ પણ પ્રકારની ફી ચૂકવ્યા વગર સરળતાથી આવાગમન તેને કારણે શક્ય બન્યું છે. અત્યારે રાજ્યમાં રૂ. ૧૫ હજાર કરોડના માર્ગ અને મકાન વિભાગના કાર્યો પ્રગતિમાં છે. આવા પ્રોજેક્ટને કારણે સ્ટિલ-સિમેન્ટ ઉદ્યોગને લાભ મળે, મજૂરોને રોજી મળે. આમ ઉદ્યોગની સાથે બજાર પણ ચાલતું રહે છે તેથી વડાપ્રધાનશ્રી આત્મનિર્ભર ગુજરાતની વિભાવના પણ ચરિતાર્થ થઈ છે. ફાટકમુક્ત ગુજરાત માટે કેન્દ્રની ૫૦ ટકા સહાયની સાથે રૂ. ૩૪૦૦ કરોડના ખર્ચે ૬૮ ઓવરબ્રિજનું કાર્ય થયું છે. વધુ ૭૨ બ્રિજનું રૂ. ૩૦૦૦ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આમ રૂ ૭૪૦૦ ખર્ચે ગુજરાતને ફાટકમુક્ત બનાવવાનું કાર્ય ચાલુ છે. માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી સંદીપ વસાવાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, રાજ્યમાં મોટા



શ્રી નીતિનભાઈ પટેલ

પ્રમાણમાં રેલવે બ્રિજ, નદી પરના બ્રીજ, છ માર્ગીય રસ્તાઓનું નિર્માણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરી લોકોની સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઈવે ૧૪૭ પર સરખેજ – ગાંધીનગર – ચિલોડા ના કુલ ૪૪ કિ.મી.ના માર્ગને ૪ લેનમાંથી ૬ લેનમા રૂપાંતરિત કરવાના તથા આ માર્ગ પર આવતા ચાર રસ્તાઓ પર અગિયાર જેટલા ફ્લાય ઓવર બનાવવાની કામગીરી કેન્દ્ર અને રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. તદનુસાર ૨૪૫ મીટરની કુલ લંબાઈનો સિંધુભવન ચાર રસ્તા ફ્લાય ઓવર રૂ. ૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામ્યો છે. તેમજ સાણંદ જંકસન ફ્લાય ઓવર બ્રિજ પણ ૨૪૦ મીટરની કુલ લંબાઈ સાથે રૂ. ૩૬ કરોડના ખર્ચે પૂર્ણ થયો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028